**<u>રેગ્યુલર દી.મુ.નં.૪૦/૨૦૧૮</u>**

**<u>આંક–૫ લગત હુકમ</u>**

(૧) આ કામે વાદીએ હાલની અરજી કરી એવી હકીકત જણાવેલ છે કે,વાદીનો પ્લોટ (મકાન) મોજે કાંસા તા. વિસનગર સીમના સર્વે નં. ૫૭૮ એન.એ થયેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૧૨ માં વાદીનું રહેઠાણનું મકાન આવેલ છે. આ કામના પ્રતિવાદી નં.૧ સંસ્થાના તાબા હેઠળ સદરહુ સોસાયટી આવેલી છે અને પ્રતિવાદી નં.૧ અને ૨ ના તાબા હેઠળ ગુજરાત પંચાયત ધારા હેઠળ કામકાજ કરતી સંસ્થાઓ હોઈ વાદી ઓળખીએ છીએ.

વધુમાં જણાવે છે કે, કોજે કાંસા તા. વિસનગર સીમના સર્વે નં ૫૭૮ મે. મહેસાણા જીલ્લા વિકાસ અધિકારી સાહેબશ્રીના હેુકમ નં. મહેસુલ/એ.એલ.એન.એ./ વશી/૩૭૭૭/૮૩ તા. ૦૮/૦૬/૧૯૮૩ ના રા.જ એન. એ થયેલો તથા સદર સર્વે નંબરને અડીને આવેલ સર્વે નં. ૫૮૨/૧ મે. વિસનગર તાલુકા વિકાસ અધિકારી સાહેબશ્રીના હુકમ નં. તા. પં/જમન/એન.એ/ એસ.આર./વશી/ ૩૭૭૭ તા. ૨૨/૦૮/૧૯૮૪ ના રોજ તથા તેને અડીને આવેલ સર્વે નં. ૫૮૨/૩ મે. વિસનગરના તાલુકા વિકાસ અધિકારી સાહેબના હુકમ નં. તા.પં/જમીન/એન.એ./વશી/૩૭૭૯ તા. ૨૨/૦૮૧૯૮૪ ના રોજ એન. એ પરવાનગી મેળવેલ અને તેનો એકત્રિકરણનો હુકમ નં. જમીન/વશી/૨૦૦૫/એસ.આર./૧૯૮૪ મામલતદાર એકત્રીકરણ તા. ૨૬/૦૯/૧૯૮૪ ના રોજ કરીને સર્વે નં. ૫૭૮/૧ આપેલ અને તે રીતે એન.એ. થયેલા નકશાઓ દુરસ્તી કરવાનો હુકમ મામલતદાર વિસનગર નાએ તા. ૨૬/૦૯/૧૯૮૪ ના રોજ કરેલ અને તેની નકલ હાલના પ્રતિવાદી સંસ્થાને મોકલી આપેલ છે. ત્યારબાદ પ્રતિવાદી સંસ્થાઓ એકત્રીકરણ થયેલા સર્વે નં. ૫૭૮/૧, ૫૯૨/૧,૫૮૨/૩ નો નકશો તૈયાર કરેલ. જે નકશો જોતાં ગીતાજલી સોસાયટીમાં

જવાનો રસ્તો વિસનગરથી ગુરુકુળ રોડની દક્ષીણે ૩૨(એ), ૩૨(બી),૩૩(એ) ૩૩(બી) ની વચ્ચે ૨૫ ફૂટનો ગીતાજલી સોસાયટીનો આંતરીક રસ્તો સર્વે નં. ૫૭૮/૧ ના એન.એ થયેલા પ્લોટ નં. ૧૬ અને ૨૬ ની દક્ષીણ હદ સુધી આવેલો છે. ત્યારબાદ સર્વે નં. ૫૭૮/૧ ના એન.એ થયેલા પ્લોટ નં.૧૬ અને ૧૭ ની વચ્ચે ૨૦ ફૂટનો પૂર્વ પશીમ જતો પ્લોઠ નં. ૨૨ ની હદ સુધી ( પ્લોટ નં.૨૨ ની પશ્રીમે આવેલ માર્જીનની જગ્યાની હદ સુધી) ત્યારબાદ જે રસ્તો ૧૧ ફૂટનો થાય છે. અમો વાદીની ગીતાંજલી સોસાયટીએ પ્લોટ નં. ૨૨ ની ઉત્તારે આવેલ દિવાલથી અમો વાદીના સોસાયટીના સામેના વરડા સુધી ૧૧ ફૂટ પહોળાઈનો રસ્તો ન મળવાથી ત્રાંસો ઝાંપો મુકેલ છે. જે ઝાંપો કાંસા તા.વિસનગર સીછમના સર્વે નં. ૫૭૮/૧ એકત્રીકરણ થયેલા સર્વે નંબરની હદમાં મુકેલ છે.સદર ઝાંપો મુકવાનું કારણ ગીતાજલી સોસાયટીની દક્ષીણે તથા પશ્રીમે આવેલી સોસાયટીના સારા ખોટા પ્રસંગો સારુ વાદીની એન.એ થયેલ સોસાયટી ગીંતાજલી ના એન. એ થયેલ પ્લોટ નં. ૨૩,૨૪,૨૫ માં દલીત સમાજમાં દરેક જ્ઞાતિને ઉપયોગી થાય તે સારુ વાડી બનાવેલ છે. વાડીમાં આજુબાજુની સોસાયટીવાળાએ ગીતાજલી સોસાયટીમાં આવેલ વાડીનો ઉપયોગ કરી શકે તે સારુ ઝાંપો મુકેલ છે પરંતુ મોજે કાંસા તા. વિસનગર સીમના એકત્રીકરણ થયેલા સર્વે નં. ૫૭૮/૧ માં આવેલ ઉત્ત્તરથી દક્ષીણ તથા પૂર્વ પશ્રીમ ના આતરકીક રસ્તાઓ આવેલા છે તે ગીતાજલીના પ્લોટ હોલ્ડરોના આંતરીક રસ્તાઓ છે તે સિવાય આજુબાજુની સોસાયટીઓને આ રસ્તાઓ ભોગવવાનો હકક કે અધિકાર નથી.

વધુમાંવાદી જણાવે છે કે, મોજે કાંસા તા. વિસનગર સીમના સર્વે નં.૫૭૯ જેમાં જગદબા સોસાયટી બનેલ છે તેના રહીશોએ સ્વાગત સમીતી તાલુકા પંચાયત સેવા સદન વિસનગરમાં અરજ આપતા સદર ઝાંપો દબાણમાં છે તેવુ જાહેર કરી ઝાંપો દુર કરવાની માંગણી ન સ્વીકારતા જગદબા સોસાયટીના રહીશો પૈકી મણીભાઈ રામજીભાઈ પરમાર તેમજ હિતેન્દ્રભાઈ પંડયા જેઓ માજી સરપંચ હતા તેમજ ભોગીલાલ વણકર તથા બીજા અન્ય રહીશોએ આત્મવીલોપનની ચીમકી આપેલી અને તેઓના સુલેહ શાંતીના જામીન

પણ લીધેલા તે દબાણને વશ થઈ કાંસા એન.એ. વિસ્તાર ગ્રામપંચાયતને સ્થળસ્થિતિનું નીરીક્ષણ કરી અહેવાલ મંગાવવાની જાણ કરેલ અને ૫૭૮/૧ માં આવેલ ગીતાંજલી સોસાયટીના પ્લોટ હોલ્ડરોને સાંભળી યોગ્ય નિકાલ કરવો. જેથી હાલના પ્ર.વાદીએ વાદી તથા વાદીની સોસાયટીના પ્લોટ હોલ્ડરોને સાંભળ્યા સિવાય દરેક પ્લોટ હોલ્ડરને તા. ૧૬/૦૩/૧૮ ના રોજ દબાણ દૂર કરવાની નોટીસો પાઠવેલ જેનો જવાબ વાદીએ તથા ગીતાજલી સોસાયટીના પ્લોટ હોલ્લ્ર્રોએ વકીલશ્રી મારફ્તે તા. ૨૬/૦૩/૧૮ ના રોજ પ્ર.વાદીની નોટીસનો જવાબ તથા વળતી નોટીસ પ્ર.વાદી સંસ્થાને આપેલ છે. જેની નકલો તાલુકા વિકાસ અધિકારી વિસનગર તથા જીલ્લા વિકાસ અધિકારીને રુબરુમાં આપેલ જેનો ખુલાશો પ્રતિવાદી સંસ્થા કે તાલુકા વિકાસ અધિકારી કે જીલ્લા વિકાસ અધિકારીએ કરેલ નથી. ત્યારબાદ હાલના પ્રતિવાદીએ તા. ૦૨/૦૪/૧૮ ના રોજ વાદી તથા ગીતાંજલી સોસાયટીના પ્લોટ હોલ્ડરોને નોટીસ આપેલ જેનો જવાબ તા. ૦૯/૦૪/૧૮ ના રોજ રુબરુમાં પ્ર.વાદી સંસ્થાને તથા તેની એક નકલ તાલુકા વિકાસ અધિકારી તેમજ જીલ્લા વિકાસ અધિકારીને રુબરુમાં આપેલ અને તેમાં જણાવેલ કે મોજે કાંસા તા. વિસનગર સીમના એકત્રીકરણ થયેલ સર્વે નં. ૫૭૮/૧ માં આવેલ પ્લોટ નં.૨૨ ની ઉત્ત્રે ઝાંપો મુકેલો જે ઝાંપો સર્વે નં. ૫૭૮/૧ ની હદમાં તેમના આંતરીક રસ્તા પર મુકેલ છે તે ઝાંપો ( દરવાજો) ગીતાંજલી સોસાયટીની દક્ષીણે અને પશ્રીમે આવેલ સોસાયટીના રહીશો ગીતાંજલી સોસાયટીમાં આવેલ વાડીનો ઉપયોગ સારા ખોટા પ્રસંગે કરે તેવા શુભ આશયથી મુકેલ છે. પરંતે સર્વે નં. ૫૭૮/૧ ના આંતરીક રસ્તાનો ઉપયોગ કરવાનો આજુબાજુના સોસાયટીના રહીશોને કોઈ હકક કે અધિકાર નથી તેવુ ઠરાવી લેવા હાલની અરજ કરેલ છે. પ્ર. વાદી સંસ્થાએ તા. ૧ ૬/૦૩/૧૮ તુમજ તા. ૦૨/૦૪/૧૮ તેમજ તા. ૧૩/૪/૧૮ ના રોજ આપેલ નોટીસ પંચાયત ધારાની જોગવાઈ વિરુધ્ધની છે. તે નોટીસના આધારે પ્રતિવાદી સંસ્થા કે તેના માણસો એજન્ટો સર્વે નં. ૫૭૮/૧ ના એન.એ થયેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૨૨ ની ઉત્તરે મુકેલ લોખડનો ઝાંપો પ્રતિવાદી સંસ્થા દૂર કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઈહુકમ મેળવવાની કાર્યવાહી તથા દીવાની કાર્યવાહી કરતા અગાઉ પ્ર.વાદીઓએ તા.

૨૬/૦૪/૧૮ ના રોજ ગીતાંજલી સોસાયટીની હદમાં આતરીક રસ્તાઓ પૈકી પૂર્વ પશ્રીમ ના રસ્તાની પશ્રીમ બાજુએ મુકેલ ઝાંપો બીન અધિકૃતરીતે ખસેડીને લઈ ગયેલ હોઈ તેઓને તા. ૩૧/૦૭/૧૮ ના રોજ પંચાયત ધારા અન્વયે નોટીસ આપેલ તેનો સમયમર્યાદામાં કોઈ જવાબ આપેલ નથી જેથી તેમના વિરુધ્ધ બીન અધિકૃતરીતે પ્ર.વાદીઓએ દૂર કરી દીધેલ છે તે ઝાંપો તા. ૨૫/૦૪/૧૮ ના રોજ જે જગ્યાએ જે સ્થિતિમાં હતો તે સ્થિતિમાં આજદીન સુધી લગાવેલ નથી તેમના વિરુધ્ધ આદેશઆત્મક મનાઈહુકમ મેળવવાની જરૂર પડેલ છે. જેના કારણો નીચે મુજબ છે.

(એ) વાદીનો દાવો પ્રથમદર્શનીયરીતે પ્ર.વાદી સંસ્થા વિરુધ્ધ સાબિત થાય તેવી પૂરેપૂરી સંભાવતા છે જેથી વાદીને પ્રતિવાદી સંસ્થા વિરુધ્ધ કામચલાઉ મનાઈહુકમ આપવામાં આવે તો જ ન્યાયના તથા કુદરતી સિધ્ધાંતો જળવાય તેમ છે.

(બી) બેલેન્સ ઓફ કન્વીનીયસની દષ્ટીએ જોઈએ તો જો પ્ર.વાદી સંસ્થા તેની ગેરકાયદેસર નોટીસના કારણે સર્વે નં. ૫૭૮/૧ ના એન.એ થયેલા પ્લોટ નં. ૨૨ ની ઉત્તરે આવેલ ઝાંપો દૂર કરે તો વાદી તથા ગીતાંજલી સોસાયટીના આતંરીક રસ્તાઓનો ઉપયોગ કોઈપણ જાતના હકક કે અધિકાર સિવાય ગીતાજંલી દક્ષીણે આવેલ સોસાયટી વાળાઓ તેમજ પશ્રીમે આવેલ સોસાયટીવાળાઓ ઉપયોગ કરે તો અમો વાદીની સોસાયટીના આંતરીક રસ્તાઓનો દૂર ઉપયોગ થાય તેવી શકયતાઓ રહેલી છે. અને આજુબાજુ સોસાયટીના સર્વે નંબરો એન.એ થયેલા તે વખતે લે– આઉટ પ્લાન મુજબ રસ્તાઓ આવેલા છે જેથી હાલના પ્રતિવાદીને કોઈ નૂકશાન નથી. ઉલટમાં વાદીને તથા વાદીની સોસાયટીના અન્ય રહીશોને તેમના આંતરીક રસ્તાનો ઉપયોગ ઉપભોગ કરવાનો અબાધિત હકક નષ્ટથાય તેમ છે તેનું નાણાંકીયરીતે વળતર મળી શકે તેમ નથી. આમ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદી અને ગીતાંજલી સોસાયટીના રહીશોની તરફેણમાં વધુ રહેલ છે.

(સી) ઈરીપેરબલ લોસની દષ્ટીએ જોઈએ તો જો પ્ર.વાદી સંસ્થા તેની ગેરકાયદેસર

નોટીસોને આધારે પ્લોટ નં. ૨૨ ની ઉત્તરે આવેલો ઝાંપો દૂર કરે તો અમો વાદી તથા ગીતાંજલી સોસાયટીના રહીશોને આંતરીક રસ્તાનો ઉપયોગ ઉપભોગ કરવામાં અડચણ ઉભી થાય તેમ છે. તેમજ અમો વાદી તથા ગીતાંજલી સોસાયટીના રહીશોની સુરક્ષા અને સલામતી જોખમાય તેમ છે. આમ ઈરીપેરબલ લોસની દષ્ટીએ જોઈએ તો પ્ર.વાદી સંસ્થા પોતાની મનસ્વીરીતે કોઈપણ જાતની કાર્યવાહી કર્યા સિવાય ઝાંપો દૂર કરે તો અમો વાદી તથા ગીતાંજલી સોસાયટીના અન્ય રહીશોની સલામતી જોખમાય તેમ છે. ઉલ્ટમાં પ્ર.વાદી સંસ્થા વિરુધ્ધ મનાઈહુકમ આપવામાં આવે તો તેના કોઈ અધિકારો નષ્ટ થતા નથી તેથી ઈરીપેરબેલ લોસની દષ્ટ્રીએ વાદીનો દાવો સચોટ છે.

ઉપરના કારણો નિગાહમાં લઈ વાદીની ગીતાંજલી સોસાયટીના આંતરીક રસ્તાઓ પૈકી પૂર્વ –પશ્રીમ તરફ જતા રસ્તા પર સોસાયટીની હદમાં પ્લોટ નં.૨૨ ની ઉત્તર બાજુ મુકેલ ઝાંપો પ્ર.વાદી સંસ્થાઓ એ તા. ૨૬/૦૪/૨૦૧૮ ના રોજ દૂર કરે છે. તે ઝાંપો પ્રતિવાદીઓ પોતાના ખર્ચે તા. ૨૫/૦૪/૨૦૧૭ ના રોજ જે સ્થિતિમાં હતો તે સ્થિતિમાં લગાવી જાય તો આદેઆત્મક મનાઈહુકમ આપવામાં આવે તો જ ન્યાયના તથા કુદરતી સિંધ્ધાત જળવાય તેમ છે. જેથી આ અરજનું ખર્ચ પ્ર.વાદી સંસ્થાઓ પાસેથી અપાવવા વાદીએ હાલની અરજ કરેલ છે.

(૨) વાદી તરફે આંક: ૪,ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે

**::વાદીએ નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે ::**

| | |
|---|---|
| ૧ | નિશાની ૪/૧ થી ના. કોર્ટે રે.દિ.મં.નં.૧૯/૧૮ નો દાવો અમો વાદીને પરત કર્યો તેની હુકમ સાથેના દાવાની અસલ નકલ |
| ૨ | નિશાની ૪/૨ વાદીએ સી.પી.સી ઓર્ડર–૧ રેલ્સ –૮ મુજબ કરૌ દિ.પ.અ.નં. ૨૮/૧ ૮ ની ઝેરોક્ષ નકલ |
| ૩ | નિશાની ૪/૩ મોજે કાંસા તા. વિસનગર સીમના સર્વે નં. ૫૭૮ એન.એ કરવા સારુ મંજુર કરાવેલ લેઆઉટ પ્લાનની ઝેરોક્ષ નકલ. |
| ૪ | નિશાની ૪/૪ મોજે કાંસા તા. વિસનગર સીમના સર્વે નં.૫૮૨/૧,૫૮૨/૩ તથા |

| | |
|---|---|
| | ૫૭૮ નો એકત્રીકરણ થયેલ સર્વે નં.૫૭૮/૧ થયેલ હુકમની નકલ |
| ૫ | નિશાની ૪/૫ મોજે કાંસા તા. વિસનગર સીમના સર્વે નં.૫૭૮,૫૮૨/૧,૫૮૨/૩ ના એકત્રીકરણના હુકમ મુજબ કાંસા તા. વિસનગરે તૈયાર કરેલ લે આઉટ પ્લાનની ઝેરોક્ષ નકલ |
| ૬ | નિશાની ૪/૬ કાંસા એન.એ ના પંચાયતના સરપચશ્રીએ વાદી તથા ૧૬ જણાએ તા. ૧૬–૩–૧૮ ના રોજ આપેલ નોટીસની ઝેરોક્ષ નકલ |
| ૭ | નિશાની ૪/૭ કાંસા એન.એ પંચાયતના સરપંચશ્રીને અમો વાદીએ તથા સોસાયટીના બીજા રહીશોને પ્ર.વાદીની નોટીસનો જવાબ તથા વાદીની નોટીસ આપેલ તેની નકલ |
| ૮ | નિશાની ૪/૮ કાંસા એન.એ ગ્રામપંચાયતના સરંપચશ્રીએ અમો વાદી તથા ગીતાજંલી સોસાયટીના રહીશોને આપેલ નોટીસ અસલ. |
| ૯ | નિશાની ૪/૯ અમો વાદીએ ગીતાજંલી સોસાયટીના સભ્યોએ સરપચશ્રીને તા. ૨/૪/૧૮ ના રોજ આપેલ નોટીસનો જવાબ |
| ૧૦ | નિશાની ૪/૧૦ વાદીએ નોટીસનો જવાબક તા. ૯/૪/૧૮ ના રોજ આપેલ તેની એક નકલ જીલ્લા વિકાસ અધિકારીશ્રીને રુબરુમાં આપેલ તેની અસલ નકલ |
| ૧૧ | નિશાની ૪/૧૧ વાદી તથા ગીતાજલી સોસાયટીના અન્ય રહીશોની ૯/૪/૧૮ ના રોજ આપેલ જવાબની નકલ તાલુકા વિકાસ અધિકારીને આપેલ તેની અસલ નકલ |
| ૧૨ | નિશાની ૪/૧૨ કાંસા ગાંનમપંચાયતના સરપચશ્રીએ અમો વાદીને તથા ગીતાજલી સોસાયટીના રહીશોને તા. ૧૩/૪/૧૮ ના શોજ આપેલ આખરી નોટીસ અસલ |
| ૧૩ | નિશાની ૪/૧૩ ગીતાજંલી સોસાયટીના એન.એ થયેલા પ્લોટ નં. ૨૨ ના ઉત્તરે મુકેલ ઝાંપાનો ફોટો નં.૧ અસલ |
| ૧૪ | નિશાની ૪/૧૪ ગીતાજંલી સોસાયટીના એન.એ થયેલા પ્લોટ નં. ૨૨ ના ઉત્તરે મુકેલ ઝાંપાનો ફોટો નં.૨ અસલ |
| ૧૫ | નિશાની ૪/૧૫ગીતાજંલી સોસાયટીના એન.એ થયેલા પ્લોટ નં. ૨૨ ના ઉત્તરે મુકેલ ઝાંપાનો ફોટો નં.૩ અસલ |
| ૧૬ | નીશાની ૪/૧૬ દૈનીક ન્યુઝ પેપર '' સંદેશ'' પેપરમાં આપેલ જાહેર નોટીસ |
| ૧૭ | નીશાની ૪/૧૭ અમો વાદીએ કાંસા એન.એ ગ્રામપંચાયત કચેરીને આપેલ નોટીસની ઝેરોક્ષ નકલ. |
| ૧૮ | નીશાની ૪/૧૮ આ કામના પ્રઉવાદીઓને ની. ૩૧/૭/૧૮ ના રોજ આપેલ નોટીસ પ્ર |

| | |
|---|---|
| | .વાદી નં.૧ ને તા. ૧/૮/૧૮ ના રોજ બજેલ તેની એકનોલેજમેન્ટની સ્લીપ જેની તા. ૨૭/૮/૧૮ ના રોજ મળેલ. |
| ૧૯ | નીશાની ૪/૧૯ આ કામના પ્ર.વાદી નં.ર ની ૧-૮-૧૮ ના રોજ બજેલ તેની એકનોલ ેઝમેન્ટ સ્લીપ જે તા. ૨૭-૮-૧૮ ના રોજ મળેલ. |
| ૨૦ | નીશાની ૭/૨ કોર્ટ કમીશ્નરે કરેલ પંચનામુ |
| ૨૧ | નીશાની ૭/૩ કોર્ટ કમીશ્નરે કરેલ સ્થળસ્થિતિનો નકશો. |

(૨) આ કામે વાદીની હાલની અરજીના અનુસંધાને પ્ર.વાદીઓને સમન્સ/નોટીસ કરતા નોટીસ બજતા પ્ર.વાદીઓ તેમના વિ. વ.શ્રી મારફતે હાજર થયેલા છે. અને વાદીની દાવાઅરજના જવાબ રજુ કરવા વારવાર મુદતો માંગેલ. પ્રતિવાદીઓ છેલ્લા ઘણા સમયથી જવાબ રજુ કરતા ન હોય પ્રતિવાદી નં.૧, ૨ ના જવાબનો હકક આંક-૦૧ લગત મારા પૂરોગામી સીવીલ જજશ્રીએ તા. ૧૯/૦૬/૧૯ ના રોજ હુકમ કરી બંધ કરે લ છે.

(૩) સદર અરજીના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

૧. શું વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ સાબિત કરે છે ?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

૩. જો વાદીને માંગ્યા મુજબ મનાઈહુકમ આપવામાં ન આવે તો તેઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન જવાની સંભાવના છે ?

૪. શુ હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

મુદ્દા નંબર ૧:- હકાર

મુદ્દા નંબર ૨:- હકાર

મુદ્દા નંબર ૩:– હકાર

મુદ્દા નંબર ૪:– આખરી હુકમ મુજબ.

**<u>:: નિર્ણયો અંગેના કારણો ::</u>**

**<u>મુદ્દા નંબર– ૧ થી ૩</u>** :–

(૫) સદરહુ ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે સુસંગત અને સંકળાયેલાં હોઈ સરળતા ખાતર ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

વાદીએ હાલનો દાવો વાદી તથા ગીતાજંલી સોસાયટીના રહીશોની જે સોસાયટી મોજે કાંસા, તા. વિસનગર સીમના સર્વે નં. ૫૭૮/૧ આંતરીક રસ્તાઓ પૈકી જે રસ્તો પુર્વથી પશ્ચિમ તરફ જાય છે તે રસ્તાની પશ્ચિમ તરફ આવેલ પ્લોટ નં. ૨૨ ની હદની ઉત્તરે મુકેલ લોખંડનો ઝાપો જે સ્થિતીમાં હતો તે સ્થિતીમાં લગાવી જાય તે બાબતની દાદ માંગેલ છે.

સદર કામે વાદી તર્ફે નિ. ૪/૧ થી ૪/૧૯ ના દસ્તાવેજો તથા નિ. ૭/૨ થી કોર્ટ કમીશ્નરે કરેલ પંચનામું તથા નિ. ૭/૩ થી કોર્ટ કમીશ્નર દ્વારા કરવામાં આવેલ નકશો જોતા વાદીની જણાવેલ હકીકત સાબિત થાય છે. પરંતુ સદર કામે પ્રતિવાદીએ દાવાનો કે આંક – ૫ નો જવાબ રજુ કરેલ નથી કે આટલો લાંબો સમય થવા છતાં હાજર થયેલ નથી કે વિરૂદ્ધની હકીકત જણાવેલ નથી. આમ, વાદીની રજુઆત મુજબ ઝાંપો ગેરકાયદેસર રીતે લઈ ગયેલા છે પરંતુ તે હકીકત સાબિત કરવા માટે સદર કામે પુરાવો લેવો જરૂરી છે. સદર કામે પુરાવા લીધા વિના નિર્ણય કરવો શક્ય નથી.

આ કામે વાદી જે તકરાર લઈને આવેલા છે તે સંદર્ભે પ્રતિવાદી તર્ફે હાજર થઈ કોઈ વાંધો કે વિરોધ કરેલ નથી. જેથી વાદીની તકરાર પ્રથમ દર્શનીય જણાઈ આવે છે. વાદીના જણાવ્યા મુજબ જે ઝાંપો લગાવેલ છે તે તેમની હદમાં લગાવેલ છે. પ્રતિવાદી તર્ફે તે બાબતે કોઈ વાંધો લીધેલ નથી. આમ, વાદીના કહેવા પ્રમાણે જો ઝાંપો તેમની હદમાં હોય અને તે કાઢી નાખવામાં આવ્યો હોય તો વાદીની સોસાયટીની શાન્તી અને સલામતી જોખમાય તેમ છે. જેનાથી થનાર નુકશાનનું નાણાકીય મુલ્યાંકન થઈ શકે તેમ નથી.

આમ, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની

તરફેણમાં છે. જો વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાથી ભરપાઈ ન થાય તેવું નુકશાન થવાનો સંભવ છે જે જોતા પણ દાવાનો નિકાલ થતાં સુધી યથાવત પરીસ્થીતી જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેવું મારુ માનવું છે. જેથી મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નં. ૪ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

## -: **હુકમ** :-

૧. વાદીની આંક – ૫ ની અરજી મંજુર કરવામાં આવે છે.
૨. પ્રતિવાદી નં. ૨ નાને એવો આદેશ કરવામાં આવે છે કે દાવાના આખરી નિકાલ સુધી અગાઉ ઝાંપો જે સ્થિતીમાં હતો તે સ્થિતીમાં પાછો લગાવવા હુકમ કરવામાં આવે છે.
૩. દાવાના નિકાલ સુધી પક્ષકારોએ અગાઉ હતી તે જ રીતની યથાવત પરીસ્થિતી જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૪ માહે માર્ચ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૪/૩/૨૦૨૩

વિસનગર.

( રેહાના મહંમદશફીભાઈ શેખ )

જજ કોડ નં. જી.જે.૦૧૪૭૪

એડી. સીની.સીવીલ જજ

વિસનગર